# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ,ગોધરા
( ગુજરાત એકટ નં .૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં એસજીજીયુ/એન.એસ.એસ./૨૦૨૧/૯૨૨૨ તા- ૨૮/૦૯/૨૦૨૧

પરિપત્ર: ૨૫૩૬

વિષય :- તા.૧/૧૦/૨૦૨૧ ને શુક્રવારના રોજ વર્કશોપમાં પ્રોગ્રામ ઓફિસરોને હાજર રહેવા અંગે

સંદર્ભ:- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: રસય/વર્કશોપ/૨૦૨૧/૪૭૮૫-૮૩ તા.૨૮/૦૯/૨૦૨૧

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, એન.એસ.એસ વિભાગ સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા પ્રોગ્રામ ઓફીસરશ્રીઓને જણાવવામાં આવે છે કે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી ખાતે તા.૦૮/૦૯/૨૦૨૧ ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના ના પ્રોગ્રામ કો-ઓર્ડીનેટરશ્રીઓ સાથેની માનનીય નિયામકશ્રીના અધ્યક્ષપદે રીવ્યુ બેઠક રાખવામાં આવી હતી. આ બેઠકમાં થયેલ ચર્ચા અન્વયે આપણી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પ્રોગ્રામ કો-ઓર્ડીનેટરશ્રી અને કોલેજના પ્રોગ્રામ ઓફિસરો સાથે એક દિવસીય વર્કશોપનું નીચે આપેલા સ્થળે અને સમયે આયોજન કરેલ છે.

તારીખ : ૦૧/૧૦/૨૦૨૧, શુક્રવાર<br>
સમય : સવારે ૦૯:૦૦ થી ૧૭:૩૦<br>
સ્થળ : આઈ. જી. પટેલ સેમીનાર હોલ, ફેકલ્ટી ઓફ સોશિયલ વર્ક, ધી એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા

દરેક પ્રોગ્રામ ઓફિસરોને ઉપર જણાવેલ સ્થળે સવારના ૮:૩૦ કલાકે હાજર થવાનું રહેશે. અને આ વર્કશોપમાં દરેક પ્રોગ્રામ ઓફિસરોએ ફરજીયાત હાજર રહેવાનું રહેશે.

કા.કુલસચિવ<br>
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,<br>
ગોધરા

બીડાણ:-

- સંદર્ભ દર્શિત પત્ર

નકલ રવાના :-

- એન.એસ.એસ. સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/ પ્રોગ્રામ ઓફીસરો તરફ જાણ સારૂ.

# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨/૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.


Azadi Ka Amrit Mahotsav

જા. ક્ર: રસય/વર્કશોપ/૨૦૨૧/ ૫૭૮૫-૮૩ તા. ૨૪/૦૯/૨૦૨૧

પ્રતિ,
પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરશ્રી,

(૧) એમ. એસ. યુનિવર્સિટી,વડોદરા
(૨) ધર્મસિંહ દેસાઇ યુનિવર્સિટી,નડિયાદ
(૩) શ્રી ગુરૂ ગોવિંદ યુનિવર્સિટી,ગોધરા
(૪) આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ
(૫) ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ ટેકનોલોજી,ચાંગા
(૬) પારૂલ યુનિવર્સિટી,મુ. લીમડા,તા. વાઘોડિયા

વિષય:-તા.૧/૧૦/૨૦૨૧ને શુક્રવારના રોજ વર્કશોપમાં પ્રોગ્રામ ઓફિસરોને હાજર રહેવા અંગે

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, આ કચેરી ખાતે તા.૦૮/૦૯/૨૦૨૧ ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના ના પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરશ્રી સાથેની માન.નિયામકશ્રીના અધ્યક્ષપદે રિવ્યુ બેઠક રાખવામાં આવેલ હતી . આ બેઠકમાં થયેલ ચર્ચા અન્વયે ગુજરાત રાજ્યની એન. એસ. એસ. સાથે જોડાયેલ ૪૫ યુનિવર્સિટીઓમાં એન. એસ. એસ. ની કામગીરી વધુ સઘન બને તે હેતુથી એન. એસ. એસ. સંલગ્ન યુનિવર્સિટીઓના પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરશ્રી અને કોલેજના પ્રોગ્રામ ઓફિસરો સાથે એક દિવસીય વર્કશોપનું ૧૦ ઝોનમાં આયોજન કરવા નક્કી થયેલ હતું.

ઉપર જણાવેલ યાદી મુજબની યુનિવર્સિટીઓના પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરશ્રી અને તેની તાબા હેઠળની કોલેજોના પ્રોગ્રામ ઓફિસરો સાથે એક દિવસીય વર્કશોપનું નીચેની વિગતે આયોજન કરેલ છે.

> તારીખ : ૦૧/૧૦/૨૦૨૧, શુક્રવાર સમય : સવારે ૦૯:૦૦ થી ૧૭:૩૦
> સ્થળ : આઈ. જી. પટેલ સેમિનાર હૉલ, ફેકલ્ટી ઓફ સોશિયલ વર્ક, ધી એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા

જેમાં આપના તાબાની કોલેજો/વિભાગ ના એન. એસ. એસ. પ્રોગ્રામ ઑફિસરોને જણાવેલ સ્થળે સવારના ૮.૩૦ કલાકે હાજર રહેવાની આપની કક્ષાએથી સૂચના આપવા જણાવવામાં આવે છે. આ વર્કશોપમાં દરેક પ્રોગ્રામ ઓફિસરોએ ફરજીઆત હાજર રહેવાનું રહેશે.

આ વર્કશોપમાં એન. એસ. એસ. તેમજ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ માટે ઉપયોગી પ્રકલ્પો તેમજ માર્ગદર્શક બાબતો માટેના વ્યક્તવ્યોનું આયોજન ગોઠવેલ છે.

<u>સંપર્ક સૂત્ર: ડૉ. સુનિતા નાબિયાર મો. 98986 99181</u>

(મહેશ મહેતા)
રાજ્ય એન.એસ.એસ. અધિકારી,
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ. રા., ગાંધીનગર

નકલ રવાના:- રીજીઓનલ ડાયરેક્ટરશ્રી, એન.એસ.એસ. રીજીઓનલ ડાયરેક્ટરેટ, પાટનગર યોજના ભવન ,એલીસબ્રીજ, અમદાવાદ


ઇ-મેઇલ આઇડી :- nss.uni.hc-che@gujgov.edu.in, nss.deo.sc-che@gujgov.edu.in, nss.svks.jc-che@gujgov.edu.in
che.nssgujarat@gmail.com